## || ॐ શ્રી સાઈરામ ||

## ॥ ॐ શ્રી સાઈ સર્વસંગપરિત્યાગિને નમ: ॥ (૧૩)

### નિઃસંગ હોવાવાળા (એવા)

### શ્રી સાઈ ભગવાનને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્ય સાઈબાબાને કોઈપણ આસક્તિ નથી. પણ તે છતાં તે બધાની સાથે સરખા જ સંબંધિત છે, તે બધાના માતા-પિતા, બંધુ અને સખા છે.

કેવળ ૧૪ વર્ષની ઉમરે સત્યનારાયણ રાજુ નામના છોકરાએ ઘરનો ત્યાગ કર્યો અને હું સાઈબાબા છું ' એવું જાહેર કર્યું તે જ વખતે તેમને જન્મ આપવા વાળી માતાને જોઈને તે બોલ્યા," આ જુઓ માયા આવી " એમ કહીને માયાના બધા પાશ તોડી નાખ્યા. જેમ કે સર્વસંગ પરિત્યાગ કર્યો. પરંતુ, આ શબ્દ પ્રયોગ જેમ અન્ય સાધુ સંન્યાસીઓ માટે વપરાય છે, તેમ સ્વામી માટે વાપરી શકાતો નથી. કારણ કે સ્વામી પરમેશ્વર હોવાથી ગુણાતીત છે. બાળપણમાં જે માતાપિતા, ભાઈ, બહેન, મિત્રની સાથે માનવ જન્મ લેવાથી સંબંધ જોડાયા હતા, તે દૂર કરવા માટે જ તેમણે ઈશ્વરમ્માના હાથે અન્નના ત્રણ કોળિયા ગ્રહણ કર્યા અને પછી કહ્યું," હવે માયા નીકળી ગઈ. "

એટલું જ નહીં, પણ તે પિતાને ' ગૃહમ્ અબ્બઈ' (ગૃહ સ્વામી) અને માતાને ' ગૃહમ્ અમ્માઈ ' (ગૃહ સ્વામી) કહીને સંબોધતા. પિતા તથા બંધુને વડીલ હોવાને નાતે માન આપતા, પરંતુ આ બધાની સાથે તેમનો સંબંધ ભગવાન અને ભક્ત પ્રમાણે જ રહ્યો. બધા તેમને' સ્વામી ' કહીને જ માન આપતા.

આ થયું સગાં સંબંધી વિશે, બાકી ઐહિક વસ્તુઓ માટે પણ તેમને ક્યારેય આકર્ષણ નહોતું, એટલે બાળપણમાં પણ નહીં. ઘરના બીજા બધા છોકરાંઓને કાર્યક્રમોનું, રંગીન કપડાંનું, નાસ્તાનું આકર્ષણ રહેતું પણ સ્વામીને તે કયારેય નહોતું. ઉત્સવ કે અન્ય પ્રસંગે તેઓ ઉત્સવમૂર્તિ તરીકે જોડાય તે કેવળ પોતાના ભક્તોના આનંદ માટે જ.

ગુણાતીત સ્વામીને માયાના પાશક્યારેય નહોતા, પરંતુ ભગવાનના અન્ય અવતારો પ્રમાણે તેઓ પણ ભક્ત પરાધીન જ રહ્યા છે. સતત ભક્તોની ભક્તિમાં અને તેમનો ઉત્કર્ષ કેમ થાય, તેમાં જ વ્યસ્ત રહે છે. " બાળપણમાં જ મારો જન્મ સેવા માટે થયો છે," એમ કહીને બધાની જ સેવા કરતા રહ્યા છે. તેમાં પણ વિદ્યાર્થીઓની (સર્વાંગ) પ્રગતિ કેવી રીતે થશે, તેના પર તેમનું સતત ધ્યાન હોય

છે. જેટલો પ્રેમ વિદ્યાર્થીઓને તેમના માતા-પિતા પાસેથી મળે છે તેનાથી ઘણો વધારે પ્રેમ તેમને આ નિઃસંગ સાઈમાતા પાસેથી મળે છે.

|| ॐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||